

બધાંની દિવાળી સરખી નથી હોતી...

દીવા બળતા હશે અત્ર તત્ર સર્વત્ર, સઘળાં ઘરોમાં,
હશે બધા જ ચહેરા પ્રસન્ન, હશે ખુશખુશાલ નયન!
અમે જિંદગી આખી ઊજવતાં કાળી ચૌદશ આંજીને કાજળ,
ચિરાઈ, ચગદાઈ, ચૂંથાઈ-અજાણ્યાં સંગ કરતાં સહશયન!

એક તટસ્થ સર્વેક્ષણ સેન્ટ્રલ દિલ્હીના કુખ્યાત 'જીબી રોડ' પર રહી રૂપજીવિનીઓ તરીકે કામ કરતી મહિલાઓનું પણ થયું છે. એસઆઈઆરના નિમિત્તે એમના મતાધિકાર પણ છીનવાયા છે, કારણ કે એમણે ચૂંટણીપંચે માગેલા દસ્તાવેજો રજૂ કરવામાં શરમ અનુભવી હતી. માતાપિતાનાં નામઠામ આપીને આવી કેટલીક સ્ત્રીઓને પોતાની ઈજ્જત પર ડાઘ લગાડવાનું યોગ્ય નહોતું લાગ્યું. દેખીતું છે કે ચૂંટણી પંચે 'એસઆઈઆર' ઝુંબેશ શરૂ કરી હતી. એ તો અધૂરી વિગતોવાળાં ફોર્મ ભરનારા મતદારોનાં નામ રદ જ કરે. પરિણામે જીબી રોડ પર જિંદગી હોમી દેનારી નેવું ટકા મહિલાઓનાં નામ મતદારયાદીમાંથી કમી કરાયાં છે. સર્વેક્ષણ કરવા જનારા પત્રકારને એવી એક ધંધાવાળી મહિલાએ કરેલો સણસણતો સવાલ સીધો જ દરેક ભારતીય નાગરિકને કારી ઘા જેવો લાગે અને કારમી પીડા પહોંચાડે એવો છે. એણે અપાર ક્ષોભ અનુભવતાં પ્રશ્ન કર્યો હતોઃ શું અમે દેશના બીજા નાગરિકો જેવાં નાગરિક નથી? શું અમારા મતમાં કોઈ ડાઘ છે? એટલે કે અમારો મત મેલો અને તમારા મત ઊજળા? આવી આભડછેટ રાખે એવી લોકશાહીનો અર્થ ખરો? જો બધા નાગરિકોને સમાન ગણતા બંધારણનો આદર કરતા હોવ તો અમને તમે દેશની બીજી પ્રજા કરતાં અલગ ગણીને વહેરોવંચો કેમ દાખવો છો? અમારા મતાધિકારનો અમને ઉપયોગ કરવા દેવામાં ખોટી ખલેલ કેમ ઊભી કરી છે? અમારી પાસે આધાર કાર્ડ છે, અમે અહીં વર્ષોથી રહીએ છીએ તે તમે પણ જાણો છો. અગાઉની ચૂંટણીમાં અમે મતદાન પણ કરેલું છે અને અમે નથી સરનામું બદલ્યું કે નથી ગુજરી ગયાં, છતાં આ વખતે અમારાં નામો સાગમટે મતદારયાદીમાંથી કમી કરાયાં એની પાછળ અમારા ધંધા તરફની તમારી નફરત કે સાજિશ હોય એવું ના લાગે અમને?

આ હેતુપૂર્વક આચરવામાં આવેલું અપકૃત્ય કોઈ પણ જાતના ભેદભાવ વગર આપણા બંધારણમાં અપાયેલા મૂળભૂત અધિકારનું હનન છે એવી પ્રતીતિ હવે સુપ્રીમ કોર્ટને પણ થઈ છે. આપણે એક સાર્વભૌમ રાષ્ટ્રના નાગરિક તરીકે મનુષ્ય મનુષ્ય વચ્ચે ભેદભાવ વગર વર્તવાની બંધારણલિખિત પ્રતિજ્ઞા પાળવી જોઈએ કે નહીં? રૂપજીવિની પાસે પેટનો ખાડો પૂરવા માટે શરીર સિવાય બીજું કશું નથી હોતું. એને એ ના ગમતું હોય છતાં સ્વીકારવું પડેલું 'આપદ્ધર્મ' છે. બંધારણ માટે તો દેશના રાષ્ટ્રપતિથી લઈ ગટર સાફ કરવા ઊતરતો સફાઈ કામદાર, ખરા તાપમાં ખાણમાં ખોદકામ કરતો મજૂર, ટાઢ, તડકો કે વરસાદની પરવા કર્યા વિના ખેતર ખેડતા ખેડૂત અને અબજો રૂપિયાની કમાણી કરતા વેપારી કે ઉદ્યોગપતિ જેટલું જ મહત્ત્વ દેહવ્યાપાર કરી પેટનો ખાડો પૂરવા મથતી વેશ્યાનું પણ હોય. એને પણ એ બધાંની જેમ ભારતીય નાગરિકને મળેલો પોતાને ગમતી પાર્ટી કે ઉમેદવાર ચૂંટવાનો મહામૂલો 'મતાધિકાર' મળેલો છે.

આજે 'સાહિત્યમાં મૂલ્યનિરૂપણ' જેવા વિષય પર વાત કરવી હતી. એમાં આ રૂપજીવિનીઓની નાભિમાંથી ઊઠેલી ચીસ કાને પડી. શું સાહિત્યકારોએ એ બદનામ નારીદેહને ન્યાય કર્યો છે? બંગાળીમાં શરદબાબુની 'દેવદાસ', હિન્દીમાં પ્રેમચંદજીની 'સેવાસદન', આચાર્ય ચતુરસેન શાસ્ત્રી રચિત 'વૈશાલી કી નગરવધૂ', ગુજરાતીમાં ધૂમકેતુની 'આમ્રપાલી', આબિદ સુરતીની 'વાસકસજ્જા' કે આ લખનારની 'લીલો દુકાળ' જેવી નવલકથાઓ એ ઉપેક્ષિત નારીસમુદાયની વ્યથાનાં જ વીતક રૂપે આલેખાયેલી કૃતિઓ છે.

સમયના વહેણ સાથે બદલાતા સાહિત્યમાં કેવાં માનવીય મૂલ્યો બચ્યાં છે હવે! 'કલા કલા માટે'ની ધૂન લાગી હોય એવા સાહિત્યકારો પણ એમના અવચેતન મનમાં તો કોઈ મૂલ્ય લઈને જ ચાલતા હોય છે. જીવનની

મનકા સિતાર
કેશુભાઇ દેસાઇ

ક્ષણભંગુરતા અને અનિશ્ચિતતાનો બોધ એમને હોય જ છે. કનૈયાલાલ મુનશીએ સમકાલીન સમાજમાં સ્ત્રી વિશેના ખ્યાલોને ધરમૂળથી બદલી નાખવાની પ્રેરણા આપતું મંજરી કે મૃણાલનું પાત્ર આપીને ગાંધીજીની જાણ બહાર જ ક્રાંતિનો ધ્વજ લહેરાવ્યો હતો. સૌંદર્ય એ ગાંધીમૂલ્ય પણ હતું, પણ એ કરુણા અને બ્રહ્મચર્યનું સૌંદર્ય હતું. મુનશીએ પ્રાકૃત સૌંદર્યનો ખજાનો લૂંટાવી ગુજરાતી સાહિત્યને રળિયાત કર્યું છે. ગાંધીજી એમની 'પૃથિવી વલ્લભ' નવલકથા વાંચી નિરાશ થઈ ગયા હતા અને એમણે મુનશીને ઠપકો પણ આપ્યો હતો. સાચો સર્જક આવી નકારાત્મક પ્રતિક્રિયાથી પ્રભાવિત થઈ જ ન શકે. મુનશી

સર્વેક્ષણ કરવા જનારા પત્રકારને એવી એક ધંધાવાળી મહિલાએ કરેલો સણસણતો સવાલ સીધો જ દરેક ભારતીય નાગરિકને કારી ઘા જેવો લાગે અને કારમી પીડા પહોંચાડે એવો છે

પર તત્કાલીન પરંપરાગત સંસ્કાર ધરાવતા તથાકથિત ભદ્રવર્ગની મહિલાઓએ પણ માછલાં ધોયાં હશે. તમે મંજરી જેવાં પાત્રો સર્જીને સ્ત્રીઓને ફટવી મારશો એવી દહેશત પણ વ્યક્ત કરી હશે. બાપુના અનુયાયી છો. તમારે તો દેશભક્તિની કથા લખીને બાપુના હાથ મજબૂત કરવા જોઈએ. રમણલાલ વસંતલાલ દેસાઈની જેમ પ્રેરણાદાયી કથાઓ લખી બાપુના સાત્ત્વિક વિચારોનું નિરૂપણ કરવું જોઈએ એવી વણમાગી શિખામણ પણ આપી હશે, પણ સાચો લેખક કોઈને ખુશ રાખવા નથી લખતો હોતો. એ તો એની નાભિમાંથી ઊઠેલી વરાળ જ કાગળ પર કંડારી કૃતકૃત્યતા અનુભવે છે.

દિવાળીના દિવસોમાં થોડાં એવાં લોકોની દિવાળી તરફ પણ નજર કરી લેવી જોઈએ જેમના ઘરમાં આજ દિન સુધી અજવાળું નથી ડોકાયું. આવો વિચાર અંતરિયાળ ગામડામાં જન્મી શહેરમાં જિંદગીનો આખરી તબક્કો શાંતિથી પસાર કરી રહેલા 'ભગત' ઉપનામથી ઓળખાતા થયેલા વિધુર શિક્ષકને આવે ત્યારે કેવી મંગલ ઘટના ઘટી શકે એ મેં નજરે જોયું. એમની પાસે વારસાગત પચાસ-સાઠ એકર જમીન હતી. વળી નિવૃત્ત થયા પછી નિયમ મુજબ પેન્શન પણ મળતું હતું. એટલે શહેરમાં ખરીદેલા બંગલામાં પત્ની અને દીકરાની વિદાય પછી એકલા રહેતા હતા અને ભાગે વાવવા આપેલાં ગામડે આવેલાં ખેતરોમાં શું પાકે છે કે એ લોકોની આ કાળઝાળ કોવિડ કાળમાં શી હાલત થઈ હશે એની ખબર જોવા પણ નહોતા જઈ શક્યા.

ચાળીસ-પચાસ વર્ષો અગાઉ એમનાં ખેતરોને અડીને એક ધૂળિયો રસ્તો સીધો જ અમદાવાદ તરફ જતો હતો અને બીજો રસ્તો અંબાજી તરફ. સમય જતાં એ રસ્તા પાકા ફોરલેન સ્ટેટ હાઈવેમાં ફેરવાઈ ગયા અને રોડ નજીકની જમીનના ભાવ રોકેટ ગતિએ ઊંચકાઈ ગયા. પાડાના કાંધ જેવી વર્ષેદહાડે ત્રણ ફસલ આપતી ઉપજાઉ જમીન. મબલક કમાણી હતી. કોરોનાએ એકનાએક કંધોતરનો કોળિયો કરી લીધો. પોતે શિક્ષણ સાથે સંકળાયેલા સંવેદનશીલ માનવી એટલે એક દિવસ ટોલ્સટોયની જેમ વિચારવા લાગ્યા. હું તો મારાં ખેતરોમાં કાળી મજૂરી કરી માંડ બે ટંકનો રોટલો રળતાં આદિવાસીઓનો પરસેવો ખાઉં છું! ખરો હક્ક તો એમનો ગણાય. કોરોનાએ છીનવી લીધેલા પરિવાર પછી એ ધૂંધવાયેલી મનોદશામાં જીવતા હતા. બે વરસ બંધિયાર બંગલામાં નજરકેદ રહ્યા બાદ સરકારે બહાર નીકળવાની છૂટ આપી ત્યારે એક દિવસ મોઢે માસ્ક પહેરીને અચાનક પોતાનાં ખેતરોમાં કામ કરતા આદિવાસી પરિવારની ખબર કાઢવા પહોંચી ગયા અને જે દૃશ્ય જોયું એથી એમનો અંતરાત્મા કકળી ઊઠ્યો.

ખેતરમાં ભાગિયા ખેતમજૂરો તરીકે છેલ્લાં દસેક વર્ષથી માટીનું ઝૂંપડું બાંધી રહેતા આદિવાસી પરિવારની જુવાન વહુ-દીકરીઓ તો એમને ઓળખી જ ના શકી. 'પધારો... કોની સાથે ગમશે આપને?' એમને ગ્રાહક સમજી બેઠેલી મહિલાઓ ચેનચાળા કરતી આંખો મિચકારવા લાગી.

'તમે મને ઓળખ્યો હોય એવું નથી લાગતું!' એમણે માસ્ક હટાવીને પૂછ્યું: 'અમરોજી ક્યાં છે? અને દિલીપ પણ નથી દેખાતો જાણે!'

"બાપ-દીકરો બંને એક જ દિવસમાં ભગવાનના ઘેર પહોંચી ગયા. નવ મહિના થવા આવ્યા. રૂપિયા ખૂટ્યા એટલે અમે એમની સારવાર માટે શરમ છોડીને આ ધંધો શરૂ કર્યો હતો, બાપુ. અમને માફ કરજો, પણ તમને આજે મોઢું ઢાંકેલી હાલતમાં ખાસ્સાં બે વરસ પછી જોયા એટલે શી રીતે ઓળખીએ?" એ પૈકીની સૌથી મોટી લાગતી મહિલા મહામહેનતે મોઢું ખોલી શકી હતી. ત્રણે જુવાન સ્ત્રીઓ એવી લાજી મરી હતી કે ધરતી માતાએ મારગ આપ્યો હોત તો ચુપચાપ એના પેટમાં ઊતરી ગઈ હોત. શહેરના બંગલે પાછા ફરીને જાગીરદાર નિવૃત્ત શિક્ષકે અડધોઅડધ જમીન એ સ્ત્રીઓના ખાતે ચડાવી દીધી. એના દસ્તાવેજ એમના નામે થઈ ગયા પછી એ ફરી એકવાર ગામડે એમના ખેતરમાં ગયા ત્યારે સાથે અમદાવાદનો એક બિલ્ડર હતો. એ જુવાનજોધ સ્ત્રીઓને હવે 'ધંધો' કરીને કમાવાની જરૂર ન રહી. બલકે એમને બિલ્ડરે મૂકેલી સ્કીમમાં પાકું સગવડવાળું મકાન પણ મળી ગયું હતું. ક્યારેક દિવાળી આ રીતે પણ ઊજવી શકાય!

દિવાળી, હેલોવીન અને સ્પેનનો 'લા બટાયા દેલ વિનો' ઉત્સવ

આ જે દિવાળી છે. પ્રકાશનું પર્વ દિવાળી. અંધકારમાંથી ઉજાસ તરફ ગતિ કરવાની વાત. આપણા દરેક તહેવાર પાછળ માત્ર બાહ્ય આનંદની વાત નથી, આંતરિક ઉન્નતિની પણ વાત છે. એટલે દિવાળીના વિરોધીઓ ભલે છાપામાં લેખો છાપે કે 'દિવાળી પર વજન કેવી રીતે નિયંત્રણમાં રાખશો?', 'ડાયેટ ફરસાણ', 'સ્યુગર ફ્રી મીઠાઈ', પણ દિવાળી અને બેસતા વર્ષે ફરસાણ અને મીઠાઈ ઝાપટવાની. જે લોકો અડધી રાત્રે પ્રેતભોજન કરે છે, રસ્તા પર નીકળીને રસ્તા પર ગ્રૂપમાં દેકારો મચાવતા મેગી નૂડલ્સ, પિઝા ઝાપટે છે કે ઈદ પર બિરયાની, કુર્મા, મટન, ચિકન જેવા વજન વધારનારા અને કોલેસ્ટેરોલ નોતરનારા વ્યંજનોની મોજ ઉડાવે છે, ક્રિસમસ તેમજ ૩૧ ડિસેમ્બરે વજન વધારનારો દારૂ અને તેની સાથે ચખનાના નામે તળેલો નાસ્તો ઝાપટે છે ત્યારે વજન વધવાની કોઈને ચિંતા નથી થતી. તેના લેખો છપાતા નથી, પણ દિવાળીએ તો તમારે ડાહ્યાડમરા જ રહેવાનું.

'દિવાળીએ જ ચામાં ગરોળી પડી', 'દિવાળીએ જ પત્નીએ મીઠા વગરની દાળ બનાવી', 'દિવાળી પહેલાં જ ફલાણા ભાઈને ફેક્ચર આવ્યું' આવાં હેડિંગો ક્યાંય વાંચો તો તેમાંથી 'દિવાળી' શબ્દ કાઢી નાખજો. આવી દુર્ઘટનાઓ દિવાળી પછી પણ બનતી હોય છે. અને પ્રદૂષણ દિવાળી પર જ નથી વધતું.

અબીલ ગુલાલ
જયવંત પંડ્યા

દિવાળીએ શોકનો તહેવાર નથી. દિવાળી આનંદનો તહેવાર છે. બહુ ઓછી રજાઓ પરિવાર સાથે માણવા મળે છે. આ વખતે તો દિવાળીએ રવિવાર છે. ધૂળેટી હોય કે શ્રાવણ મહિનો, જન્માષ્ટમી હોય કે ગણેશ ચતુર્થી, નવરાત્રિ હોય કે દિવાળી, દરેક તહેવાર સાત્ત્વિકતા સાથે, વિકૃતિ વગર પણ નિર્દોષ આનંદ સાથે મનાવવામાં કોઈના પિતાશ્રીનું કોઈ નુકસાન નથી જવાનું.

દિવાળીએ ફટાકડા ન ફોડવા જોઈએ તેવી સલાહો છેલ્લાં સાત-આઠ વર્ષથી દર વર્ષે ન્યાયાલય આપે છે. ન્યાયાલય જન્માષ્ટમીએ દહીંહાંડીની ઊંચાઈ કેટલી રાખવી, શિવલિંગ પર કયું પાણી ચડાવવું, મકરસંક્રાંતિએ પતંગની દોરી કેવી હોવી જોઈએ તેની વાત કરે છે. ગણેશચતુર્થીએ પર્યાવરણની ચિંતા થાય છે. અને શ્રદ્ધાળુઓ આ બધામાંથી અપનાવવા જેવું સારું હોય તે અપનાવે પણ છે. પરંતુ ફટાકડાથી જ પ્રદૂષણ થાય છે, દિવાળીએ ગરીબની દિવાળી સુધારવી જોઈએ, શ્રાવણમાં ગરીબ બાળકને દૂધ આપવું જોઈએ તેવી વાત સારી છે અને શ્રદ્ધાળુઓ તે કરે પણ છે, પરંતુ તે ઉપરાંત જો કોઈને ફટાકડા ફોડવા હોય, શ્રાવણ મહિનામાં શિવલિંગ પર દુગ્ધાભિષેક કરવો હોય તો તેમાં કોઈ બાધ ન હોવો જોઈએ. સ્પેનમાં લા ટોમેટિનો ઉત્સવ થાય છે. તેમાં લોકો એકબીજા પર ટમેટાં ફેંકે છે.

જર્મનીમાં સપ્ટેમ્બરના મધ્યથી ઓક્ટોબર સુધી બીયર ફેસ્ટિવલ થાય છે! અહીં ભાંગ ફેસ્ટિવલ થતો હોત તો? પરંતુ એ બીયર ફેસ્ટિવલ, લા ટોમેટિનો ફેસ્ટિવલના ફોટા કોઈ જાતની નકારાત્મક



ટિપ્પણી વગર અહીં છપાય છે. તેનાં દૃશ્યો બતાવાય છે. સ્પેનમાં 'કોરિડા ડી ટોરોસ' નામથી માણસની બળદ સાથે લડાઈ થાય છે. તેવી જ પોર્ટુગલ, ફ્રાન્સ, મેક્સિકો, પેરુ, કોલંબિયા, ઈક્વાડોર, વેનેઝુએલા, કોસ્ટા રિકા અને ચીનમાં થાય છે, પરંતુ ભારતમાં તમિળનાડુમાં જલ્લીકટ્ટુ પર ૨૦૧૪માં પ્રતિબંધ મૂકી દેવાયો હતો!

ફ્રાન્સમાં તો ભૂંડનો પણ ઉત્સવ થાય છે, તેમાં ભૂંડોની હરીફાઈ થાય, વાનગી ઝાપટવાની સ્પર્ધા થાય અને સ્પર્ધકોએ ભૂંડ જેવો સ્વર કાઢવાનો હોય છે. આપણે ધૂળેટીમાં પાણી અને રંગોથી રમીએ છીએ એમાં કેટલાક ચોખલિયાઓને વાંધો પડી જાય છે, પરંતુ સ્પેનમાં 'લા બટાયા દેલ વિનો' ઉત્સવમાં લોકો આપણે જેમ ધૂળેટીમાં સફેદ કપડાં પહેરીએ છીએ, તેમ સફેદ કપડાં પહેરી પાણીની બંદૂક, ડોલ, જગ, બોટલ અને ફુગ્ગામાં લાલ રિયોજા વાઈન ભરી એકબીજાને ભીંજવી નાખે છે.

ફ્રાન્સમાં તો ભૂંડનો પણ ઉત્સવ થાય છે, તેમાં ભૂંડોની હરીફાઈ થાય ,વાનગી ઝાપટવાની સ્પર્ધા થાય અને સ્પર્ધકોએ ભૂંડ જેવો સ્વર કાઢવાનો હોય છે

તે પછી તેઓ શહેરના કેન્દ્રમાં એકઠા થાય છે અને સંગીત, નૃત્ય સાથે ભોજન અને વાઈન પીવાની મજા માણે છે. બોલો, કોઈએ આનો વિરોધ કર્યો? યુએઈમાં અલ ધફરા નામે ઊંટની સૌંદર્યસ્પર્ધા થાય છે! ઊંટના કાન કેટલા ઊભા છે, તેમની ડોક કેટલી લાંબી છે, તેમની ખૂંધનો આકાર કેવો છે, આ બધાના આધારે કયું ઊંટ વધુ સુંદર તે નક્કી થાય છે. ઈજિપ્તમાં શૈમ અલ નેસીમ નામનો તહેવાર ઉજવાય છે. તેમાં બિચારી માછલીઓને અનેક મહિનાઓ સુધી મીઠામાં સડાવી દેવામાં આવે છે અને તેને 'ફેસિખ' કહે છે. આ ફેસિખ ખાવામાં આવે છે! પણ કોઈ 'પેટા', કોઈ જીવદયા સંસ્થાએ મકરસંક્રાંતિ પર કબૂતરોની દયા ખાતાં દર વર્ષે સર્વોચ્ચ અદાલતમાં પતંગ ચગાવવા સામે યાચિકા કરી નથી, પ્રદર્શનો કર્યાં નથી. શું માછલીમાં જીવ નથી? તેમને મહિનાઓ સુધી મીઠામાં સડાવીને રાખે તે ક્રૂરતા નથી? હમણાંથી અમેરિકાથી આયાત કરાયેલો એક તહેવાર ભારતમાં પણ ઘૂસ્યો છે. આપણે ત્યાં સંભવતઃ સપ્ટેમ્બરમાં આવતા ભાદરવા મહિનાના કૃષ્ણ એટલે કે વદ પક્ષમાં પિતૃઓની સ્મૃતિમાં તેમને ભાવતું ભોજન અને દૂધપાક-ખીર જેવી પિત્તને શમન કરનારી ચીજ રાંધવામાં આવે છે અને ગાય, શ્વાન તેમજ કાગડાઓને ખવડાવવામાં આવે છે. તેનો રેશનલ લોકો વિરોધ કરે છે કે કાગડાઓને ખવડાવવાથી પિતૃઓને કેવી રીતે મળે? આ હેલોવીન પણ પિતૃઓનો જ તહેવાર છે. તેમાં એવું મનાય છે કે ૩૧ ઓક્ટોબરની રાત્રે જીવિત આત્મા અને મૃતાત્મા વચ્ચેની સીમા સમાપ્ત થઈ જાય છે અને પૂર્વજોના આત્મા ધરતી પર આવે છે. હેલો એટલે પવિત્ર અથવા સંત. ઇવ એટલે સાંજ. તેના પરથી હેલોવીન નામ પડ્યું. લોકો પ્રતિબંધિત ઘરો એટલે કે જેમાં ભૂતોનો વાસ હોય તેવું મનાય છે ત્યાં જાય, ભૂત જેવો વેશ ધારણ કરે. બાળકોને 'ટ્રિક અથવા ટ્રીટ' કહીને ચોકલેટ કે કેન્ડી માગવા પડોશીના ઘરમાં મોકલવામાં આવે છે. અહીં કોઈ રેશનલોને વાંધો નથી પડતો કે આવું બધું હોય નહીં. કોઈ સ્વમાની વ્યક્તિને પણ વાંધો નથી પડતો કે બાળકો પાસે પડોશીને ત્યાં ભીખ શા માટે મગાવવાની? તકલીફ માત્ર ભારતના તહેવારોથી જ છે.

દિવાળી છે કે દેખાડાનો ઉત્સવ?

દિવાળી આવે એટલે ઘરની સફાઈથી લઈને મનની સફાઈની વાતો થવા લાગે છે. જોકે આજકાલ મનની સફાઈ કરતાં ઘરની સફાઈ વધુ જરૂરી બની ગઈ છે અને એ પણ જાતે નહીં, ઓનલાઇન એપ્સ દ્વારા! સોફા, પડદા, બાથરૂમથી લઈને રસોડાના ખૂણાની સફાઈ માટે મોબાઈલમાં સર્વિસ બુક થાય છે. પહેલાં આખો પરિવાર મળીને ઘરની ધૂળ કાઢતો, હવે પરિવારના સભ્યોને ધૂળ સાફ કરવાનો સમય નથી, પણ ક્લીનિંગ સર્વિસના રિવ્યૂ તપાસવાનો પૂરતો સમય છે. ઘરની દરેક વસ્તુ ચમકવી જોઈએ, પછી ભલે સંબંધોમાં કેટલીય ધૂળ જામી હોય!

ઘરમાં અંધારું દૂર કરવા દીવા પ્રગટાવીએ છીએ, પણ બીજાના ઘરની રોશની કરતાં આપણું ઘર વધારે ચમકે એની સ્પર્ધામાં ક્યાંક સંબંધોનો પ્રકાશ જ ઝાંખો પડી રહ્યો છે!

સફાઈ પછી સજાવટનો વારો આવે છે. LED લાઇટ્સ, સ્માર્ટ ડેકોરેશન, ફ્લોટિંગ કેન્ડલ્સ અને તૈયાર રંગોળીઓથી ઘર એવું શણગારાય છે કે જાણે કોઈ ફિલ્મનું સેટ તૈયાર થયું હોય. રંગોળી કેટલી સુંદર છે એના કરતાં ફોટામાં કેટલી સુંદર દેખાય છે એ વધુ મહત્ત્વનું બની ગયું છે. ઘરમાં દીવા પ્રગટાવતાં પહેલાં કેમેરાનો એંગલ નક્કી થાય છે. જાણે લક્ષ્મીજી કરતાં પહેલાં ઈન્સ્ટાગ્રામના ફોલોઅર્સને આમંત્રણ આપવાનું હોય!

દિવાળીની ખરીદી પણ હવે જરૂરિયાત કરતાં પ્રતિષ્ઠાનો વિષય બની ગઈ છે. દિલ્હીનું ચાંદની ચોક હોય, મુંબઈનાં બજારો હોય કે અમદાવાદનો રિલીફ રોડ, દરેક જગ્યાએ ખરીદીનો ઉત્સાહ જોવા મળે છે. સાડી, ઇન્ડો-વેસ્ટર્ન, બ્રાન્ડેડ કપડાં અને જ્વેલરીની પસંદગીમાં એક જ ચિંતા હોય છે કે બીજાથી અલગ અને વધુ આકર્ષક કેવી રીતે દેખાવું. ઓનલાઇન સેલમાં ડિસ્કાઉન્ટ જોઈને ખરીદી થાય છે, પણ બિલ આવે ત્યારે સમજાય છે કે દેખાવ જાળવવાની કિંમત કેટલી મોંઘી છે. હવે કપડાં તહેવાર માટે નહીં, પરંતુ બીજાની નજરમાં પોતાની સ્થિતિ બતાવવા માટે પણ ખરીદાય છે.

મીઠાઈમાં પણ લાગણી કરતાં પૅકેજિંગનું મહત્ત્વ વધી રહ્યું છે. કાજુ કતરી, મોહનથાળ અને ઘૂઘરાની સાથે ચોકલેટ બરફી, ફ્યુઝન ડેઝર્ટ અને પ્રીમિયમ ડ્રાયફ્રૂટ હેમ્પર બજારમાં છવાયાં છે. એક સમય હતો જ્યારે પાડોશીને ઘરે બનાવેલી મીઠાઈ આપીને સંબંધો મીઠા થતા, હવે ગિફ્ટ બૉક્સની કિંમત અને બ્રાન્ડ પરથી લાગણીનું મૂલ્યાંકન થવા લાગ્યું છે. ગિફ્ટ કેટલી મોંઘી છે એ ચર્ચાય છે, પણ આપનારને યાદ રાખવાનો સમય કેટલા પાસે છે?



દિવાળીની રજાઓમાં ફરવાનો ક્રેઝ પણ આ સ્પર્ધાથી બાકાત નથી. કોઈ ઉદયપુરના મહેલમાં, કોઈ ગોવાના બીચ પર તો કોઈ દુબઈની લક્ઝરી હોટેલમાં દિવાળી ઊજવે છે. હોટેલના ભાવ સાંભળીને સામાન્ય માણસને પોતાના ઘરની કિંમત સમજાઈ જાય! ઘરે રહેનારાઓ માટે રેસ્ટોરન્ટના સ્પેશિયલ બફે અને રૂફટૉપ ડિનર છે. જોકે ત્યાં પણ જમવાની મજા કરતાં ફોટોગ્રાફી વધુ મહત્ત્વની બની ગઈ છે. થાળીમાં વાનગી ઠંડી પડે તો ચાલે, પણ ઇન્સ્ટાગ્રામની સ્ટોરી અપડેટ થવી જોઈએ!

આખરે સવાલ એ નથી કે લોકો દિવાળીમાં કેટલો ખર્ચ કરે છે, પરંતુ એ છે કે આટલો ખર્ચ કર્યા પછી પણ ખુશી માટે બીજાની પ્રશંસાની રાહ કેમ જોવી પડે છે? જે તહેવાર અંધકાર પર પ્રકાશના વિજયનું પ્રતીક છે, એ જ તહેવારમાં આપણે બીજાના પ્રકાશને ઝાંખો પાડવાની હરીફાઈ કેમ કરીએ છીએ? જે તહેવાર સંબંધો જોડવાનો છે, તેમાં સંબંધો પણ મોંઘી ગિફ્ટ અને સોશિયલ મીડિયા પોસ્ટના માપદંડથી કેમ તોળાય છે?

કદાચ આ દિવાળીએ ઘરની સફાઈ માટે એપ બુક કરવાની સાથે એક વાર પોતાના મનમાં પણ ડોકિયું કરવું જોઈએ. કારણ કે ઘરની ધૂળ ક્લીનિંગ સર્વિસ દૂર કરી શકે છે, પણ દેખાડાની ધૂળ કોઈ એપ સાફ કરી શકતી નથી. બાકી, આ વખતે દીવા ઘરમાં એટલા બધા પ્રગટાવજો કે પાડોશીનું ઘર ઝાંખું ન પડે, પરંતુ પોતાની અંદરનો અંધકાર જરૂર દૂર થાય. નહીં તો દિવાળી પૂરી થયા પછી ઘરમાં રોશની હશે, મોબાઈલમાં હજારો લાઇક્સ હશે, પણ મનમાં એક જ સવાલ રહેશે કે આખરે આ બધું કોને બતાવવા માટે કર્યું હતું?

આખરે દિવાળી તો દર વર્ષે આવે છે, પણ હવે લાગે છે કે આપણે અંધકાર દૂર કરવા નહીં, એકબીજાની આંખો અંજાય એટલી રોશની કરવા દીવા પ્રગટાવીએ છીએ. ઘરની બહાર હજારો દીવા ઝળહળે છે, પણ અંદર સંબંધોનો દીવો બુઝાઈ રહ્યો હોય તો એ ઉજવણી નહીં, માત્ર રોશનીના નામે થતો દેખાડો છે. દિવાળીએ લક્ષ્મીજીનું સ્વાગત કરતાં પહેલાં એટલું તો વિચારી જ લેજો કે સમૃદ્ધિ ઘરમાં આવી રહી છે કે માત્ર દેખાડો?